| GJAR040001512023 | | કેસ દાખલ થયાની તા. | ૨૧/૦૧/૨૦૨૩ |
|---|---|---|---|
| | सत्यमेव जयते | કેસ રજીસ્ટર્ડ થયાની તા. | ૨૧/૦૧/૨૦૨૩ |
| | | ઠરાવ જાહેર થયાની તા. | ૧૦/૦૬/૨૦૨૬ |
| | | સમયગાળો: વર્ષ- ૦૩, મહિનો-૦૪, દિવસ-૨૦ | |

---

**મેઘરજના મે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.મેઘરજ**

---

**ફોજદારી કેસ નંબર : ૧૩૫/૨૦૨૩**

**આંક :**

---

**ફરીયાદી : શ્રી સરકાર**

મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૭૨૨૦૧૯૯/૨૦૨૨

**૦ વિરૂધ્ધ ૦**

**આરોપીઓ :** (૧)જશવંતભાઈ વીરાભાઈ ડામોર
(૨)વિક્રમભાઈ વીરાભાઈ ડામોર
(૩)સંગીતાબેન વિક્રમભાઈ ડામોર
(૪)વિરાભાઈ હજુરભાઈ ડામોર
(૫)શારદાબેન વિરાભાઈ ડામોર
તમામ રહે. કાલીયાકુંવા ,તા.મેઘરજ ,જી.અરવલ્લી

---

ગુનો: **ભારતીય ફોજદારી ધારા,૧૮૬૦ની કલમ-૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ-૧૩૫ મુજબ**

---

**ફરીયાદપક્ષે :** વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.સૈની

**બચાવપક્ષે :** વિધ્વાન વકીલ શ્રી કે.કે.પટેલ/એચ.કે.પટેલ

---

**॰ હુકમ ॰**

(૧) આ કામના આરોપી સામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૭૨૨૦૧૯૯/૨૦૨૨ તા. ૨૧/૦૧/૨૦૨૩ ના રોજ ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૬૦ ની કલમ–૩૨૩, ૩૩૭,૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબનાં ગુનાનું ચાર્જશીટ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

(૨) **ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત ::–**

સદર કામે તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ કલાક.૦૮/૦૦ વાગે મોજે કાલીયાકુંવા ગામે આ કામના ફરીયાદી ને આ કામના આરોપી નં.૧,૨ નાઓએ અમારા વિસ્તારમા તુ કેમ આવેલ છે તેમ કહી મા બહેન સામે બિભસ્ત ગાળો બોલી ફરીયાદી ને છુટા પથ્થરો મારી ગડદા પાટુનો માર મારી પગે ઈજા કરી તેમજ થોડી વાર પછી આ.નં.૧.૨ નાઓનુ ઉપરાણુ લઈ આ.નં.૩ નાઓએ લાકડી લઈ દોડી આવી ફરીયાદી ને છાંતીના ભાગે મારી તથા આ.નં.૪.૫ નાઓએ ફરીયાદી ને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી જીલ્લા મે.જી.સા.ના જાહેરનામાનો ભંગ કર્યા અંગેની ઈ. પી. કો. કલમ–૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો અંગેની ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૩) **કોર્ટ કાર્યવાહી :–**

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ મુજબ પોલીસ ફરિયાદ આપેલ છે તેમજ ક્રિ. પ્રો. કોડની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરવામાં આવેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૧૯૦ મુજબ કોગ્નીજન્સ લઈ આરોપીઓ સામે સમન્સ કાઢવામા આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીઓ ને સમન્સ બજતા તેઓ હાજર થતા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ પ્રમાણે ફરિયાદપક્ષની તમામ પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ આંક – ૦૫ થી આરોપીઓ વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવી આરોપીઓની

આંક – ૦૬ થી ૧૦ લગત પ્લી નોંધવામાં આવતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા કેસ આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે તેઓના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ છે.

**// મૌખિક તથા દસ્તાવેજી પુરાવા //**

| અ.નં. | પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૦૧ | ફરિયાદી રત્નાભાઈ જેમાભાઈ ડામોર ની જુબાની | ૨૩ |
| ૦૨ | ફરિયાદ | ૨૪ |
| ૦૩ | પંચ સાહેદ રોહીતકુમાર કાળુભાઈ ડામોરની જુબાની | ૪૩ |
| ૦૪ | પંચનામુ | ૪૪ |
| ૦૫ | પંચ સાહેદ હાથીભાઈ રમણભાઈ ડામોરની જુબાની | ૪૫ |
| ૦૬ | સાહેદ શનાભાઈ કાળુભાઈ ડામોરની જુબાની | ૨૬ |
| ૦૭ | સાહેદ રતનબેન શનાભાઈની જુબાની | ૨૭ |
| ૦૮ | સાહેદ મણીબેન શનાભાઈ ડામોરની જુબાની | ૨૮ |
| ૦૯ | પંચસાહેદ મનીષકુમાર નાનાભાઈ ડામોરની જુબાની | ૪૬ |
| ૧૦ | પંચનામું | ૪૭ |
| ૧૧ | પંચસાહેદ મશુરભાઈ જેલાભાઈ ડામોરની જુબાની | ૪૮ |
| ૧૨ | ડૉ. સાહેદ પ્રશાંત બાબુલાલ રાઠોડની જુબાની | ૫૨ |
| ૧૩ | ત.ક.અ. કનુભાઈ રૂપાભાઈની જુબાની | ૫૫ |
| ૧૪ | મેડીકલ સર્ટી | ૫૩ |

(૫) ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવો નોંધ્યા બાદ આરોપીનું ક્રિ. પ્રો. કોડની કલમ– ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં તેમણે મોટા ભાગના પ્રશ્નોના જવાબ નકારમાં આપેલ છે. તેમજ સોગંદ પર જુબાની આપવી નથી, બચાવપક્ષના સાહેદો તપાસવા નથી. તેમજ વિશેષ હકીકતમાં જણાવેલ છે કે, આ કામના આરોપી સંગીતાબેન આઈ.પી.સી. ૩૭૬ મુજબની ફરીયાદ આપેલ હોય, ત્યારપછી દબાણમાં લાવવા ખોટી ફરીયાદ કરેલ છે. તેઓ નિર્દોષ છે. ત્યારબાદ ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વકીલશ્રી ની દલીલો સાંભળી.

(૬) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતાં મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

| ક્રમ | મુદ્દા | નિર્ણય |
|---|---|---|
| ૧. | શું ફરિયાદપક્ષ શંકાથી પરે હકીકત પુરવાર કરી શકે છે કે, તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ કલાક.૦૮/૦૦ વાગે મોજે કાલીયાકુંવા ગામે આ કામના ફરીયાદી ને આ કામના આરોપી નં.૧,૨નાઓએ અમારા વિસ્તારમા તુ કેમ આવેલ છે તેમ કહી મા બહેન સામે બિભસ્ત ગાળો બોલી ફરીયાદી ને છુટા પથ્થરો મારી ગડદા પાટુનો માર મારી પગે ઈજા કરી તેમજ થોડી વાર પછી આ.નં.૧.૨ નાઓનુ ઉપરાણુ લઈ આ.નં.૩ નાઓએ લાકડી લઈ દોડી આવી ફરીયાદી ને છાંતીના ભાગે મારી તથા આ.નં.૪.૫ નાઓએ ફરીને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી એકબીજાની મદદગારી કરી જીલ્લા મે.જી.સા.ના જાહેરનામાનો ભંગ કરી આ અદાલતની હકુમતમાં ઈ. પી. કો. કલમ-૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ-૧૩૫ મુજબનો શીક્ષાનો પાત્ર ગુન્હો કરેલ છે ? | નકારમાં |
| ૨. | શું હુકમ ? | આખરી હુકમ મુજબ |

**૦ મુદ્દા નં.૧ ના નિર્ણયના કારણો ૦**

(૭) **-:: પુરાવાનુ મુલ્યાંકન ::-**

**મુદાની ચર્ચા :-**

અદાલતે ફોજદારી કેસના ન્યાય-નિર્ણય વખતે પુરાવાનું પૃથ્થકરણ તથા મુલ્યાંકન કરતી વખતે નામ.સુપ્રિમકોર્ટે **કે.એમ.નાણાવટી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર (એ.આઈ.આર. ૧૯૬૨, સુપ્રિમકોર્ટ, ૬૦૫)** ના કેસમાં પ્રસ્થાપિત કર્યા મુજબ નીચે મુજબના સિધ્ધાંતો અદાલતે ધ્યાને રાખવા જરૂરી બને છે.

૧) ફરિયાદીપક્ષે આરોપી ઓ પર મુકેલ આરોપ નિ:શંકપણે સાબિત કરવાના રહે છે.

૨) સમગ્ર ટ્રાયલ દરમિયાન પુરાવાનો બોજો શરૂઆતથી અંત સુધી ફરિયાદપક્ષ ઉપર રહે છે.

૩) આરોપીઓ નું આક્ષેપવાળા કૃત્યમાં દુષિત માનસ હતુ તે હકીકત પણ ફરિયાદપક્ષે પુરવાર કરવાની રહે છે.

૪) અપવાદરૂપ સંજોગોનું અસ્તિત્વ ન હતુ તેવુ અદાલતે અનુમાન કરવાનું રહે છે.

૫) પોતાનું કૃત્ય સામાન્ય, વિશિષ્ટ અપવાદના વ્યાપ મુજબનું છે તે અથવા તો તેવા સં જોગોમાં અસ્તિત્વ હતુ તે સાબિત કરવાનો બોજો આરોપીઓ ઉપર રહે છે.

૬) આરોપીઓએ સદર બોજો વહન કરવા જાતે જુબાની આપી છે કે બચાવમાં સાક્ષી તપાસી શકે છે. અથવા ફરિયાદપક્ષે રજુ કરેલા પુરાવા ઉપરથી પોતાના પરના આરોપોનું ખંડન કરતી હકીકતો કે શંકા ઉપજાવતા સંજોગો આધારે પોતાનો બચાવ કરી શકે છે.

૭) આરોપીઓએ પોતાનો બચાવ સંભવિતતાના બાહુતુલ્યનાં આધારે કરવાનો રહે છે.

સદર કામે ઉપરોકત ચર્ચા મુજબ ક્રિમીનલ કેસની કાર્યવાહી સમયે ફરિયાદપક્ષે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ મુજબ **Beyond Reasonable Doubt** એટલ ે કે, શંકાથી પર પોતાનો કેસ સાબિત કરવાનો રહે છે અને પોતાનો પુરાવો રજુ કરવાનુ રહે છે. એટલે કે, બીજા શબ્દોમાં કહીયે તો જયારે સીધો પુરાવો મળેલ ન હોય તો સાંયોગીક પુરાવાઓ એકબીજા સાથે સંકળાયેલ હોય તો જ આરોપી સામેનો ગુનો સાબિત થયેલો ગણાય અને તો જ આરોપીને સજા કરી શકાય. આરોપીએ તો માત્ર "Probebiltiy & possibiltiy" એટલે કે, સંભવિતતા અને શકયતા રેકર્ડ પર લાવવાની હોય છે.

સદરહુ કામે એ નોંધવાનુ રહે છે કે, કાયદાનું અર્થઘટન એટલે કે, ખુલાસો કરતા સમયે સામેની વ્યકિત સમજી શકે તેવી રીતે જણાવવુ જોઈએ અને તેવી ભાષામાં કહેવુ જોઈએ. **''Inter foretarn at concordared lages legibus Est. optimus Inter foretandimous''** એટલે કે, કાયદાનું અર્થઘટન સુમેળભર્યા રીતે કરવાનુ રહે છે. સદર કામે ફરિયાદપક્ષે પોતાના કેસની હકીકત પુરવાર કરવા માટે ફરિયાદીને તપાસવામાં આવેલા છે. તેમજ રજુ થયેલ ફરિયાદ ઉપર આધાર રાખેલ છે. જેમાં ફરિયાદીનો પુરાવો

વિગેરે મહત્વના ગણી શકાય તેવા પુરાવાઓ ફરિયાદપક્ષે રજુ રાખવામાં આવેલા છે. એવીડેન્સ એકટની કલમ–૧૦૧ ધ્યાને લઈએ તો, ફરિયાદપક્ષે પોતાનો કેસ નિ:શં કપણે પુરવાર કરવાની તેઓની જવાબદારી છે.

(૮) **ફરિયાદી તથા સાહેદો નો પુરાવો :–**

**(૮.૧)** ત્યારબાદ ફરિયાદપક્ષે **આંક–૨૩ થી ફરિયાદી રત્નાભાઈ જેમાભાઈ ડામોર** ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ હુ મજુરોના કામ પેટે કાગળો કરવા સારુ સવારના આઠ વાગે મારી ગાડી લઈ ડામોર શનાભાઈ કાળુભાઈના ઘરે ગયેલો હતો ત્યારે હુ અને શનાભાઈ બન્ને જણા તેમના ઘરે ખાટલા પર બેસી વાતો કરતા હતા તેવામાં અમારા ગામના જસવં તભાઈ વિરાભાઈ ડામોર તથા વિક્રમભાઈ વિરાભાઈ ડામોર બાઈક લઈને શનાભાઈના ઘરે દારુ પીધેલી હાલતમાં આવેલા અને તે મો.સા. જસવંતભાઈ ચલાવતા હતા અને વિક્રમાભાઈ પાછળ બેઠેલ હતા અને મને જાનથી મારી નાખવાના સારુ તેમનુ મો.સા. એકદમ મારા પગ ઉપર ચડાવી લીધેલુ અને મને ગડદાપાટુનો માર મારવા લાગેલા અને બિભત્સ ગાળો બોલી મને કહેતા હતા કે, મારા વિસ્તારમાં કેમ આવેલ છે તેમ કહી મને છુટા પથ્થરો તેઓ મારવા લાગેલા જે પથ્થરો મને શરીરે પગે તથા પીઠ પાછળ વાગેલા તે વખતે ઉપરોકત આરોપી ઓનુ ઉપરાણુ લઈ સંગીતાબેન વિક્રમાભાઈ ડામોરનાઓ તેમના હાથમાં વાંસની લાકડી જે આશરે સાડા ચાર ફુટની હતી તે લઈને દોડી આવેલા અને મને છાતીના ભાગે તેઓએ લાકડી મારેલી અને ત્રણેય જણાએ ફરીથી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગંદી ગાળો બોલી અમારા વિસ્તારમાં હવે પાછો આવતો નહિ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપેલી અને ત્યારપછી વિરાભાઈ હજુરભાઈ ડામોર તથા શારદાબેન વિરાભાઈ ડામોરનાઓ પણ દોડી આવેલા અને તેઓ રોડ ઉપર ઉભા રહી ઉપરના ત્રણેય આરોપીઓને સલાહ આપતા હતા અને કહેતા હતા કે, ફરી આ વિસ્તારમાં જોવા મળીશ તો તારી ગાડી અને તારી લાશને કયાં પત્તો લાગે નહિ તેવી રીતે ફેકી દઈશુ તેવી ધમકી આપતા હતા તે અરસામાં ત્યા હાજર શનાભાઈ કાળુભાઈ તથા તેમના પત્ની મણીબેન શનાભાઈ, રતનબેન શનાભાઈનાઓ વચ્ચે પડી મને બચાવેલો ત્યારબાદ હુ ત્યાંથી બીજે રસ્તે થઈ

મેઘરજ પો.સ્ટેશન મથકે બપોરના આશરે ત્રણેક વાગે ફરીયાદ કરવા આવેલો અને ત્યાથી મને સારવાર અર્થે મેઘરજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે મોકલેલ અને ત્યાથી  સારવાર કરાવી પરત સાંજના સાડા પાંચેક વાગે મેઘરજ પો.સ્ટેશન જઈ મે આરોપીઓ વિરુધ્ધ ફરીયાદ લખાવેલી જે ફરીયાદ મને બતાવવામાં આવે છે જેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે રજુ આંક દાખલ **આંક. ૨૪** આપવામાં આવે છે. આરોપીઓને હુ ઓળખુ છુ. જે પૈકી આરોપી નં.૨, ૩ નામ.કોર્ટમાં હાજર નથી આરોપી નં.૨, ૩ તર્ફે મુકતી રીપોર્ટ મંજુર કરવામાં આવે છે. ઓળખ અંગે તકરાર નથી. બાકીના આરોપીઓ પોકાર વખતે હાજર હતા પરંતુ જુબાની દરમ્યાન વારંવાર પોકાર કરવા છતા હાજર નથી. મને જે લાકડીથી માર મારી આરોપીએ ઈજા કરેલી તે જોયેથી હુ ઓળખી શકુ જે લાકડી આશરે સાડા ચાર ફુટની વાંસની હતી જે મુદ્દામાલ પાવતી **આંક– ૩** મુજબના વર્ણન વાળી હતી તે છે.

જયારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, હુ ગ્રેજયુએટ સુધી ભણેલો છુ તેમજ બી.એસ.એફ.માં નોકરી કરી વોલેટરી રીટાયર્ડમેન્ટ લઈ હાલ નિવુત થયેલ છુ.  હુ ખેતી કરુ છુ અને એન.આર.ઈ.જી.એ. (નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ ગેરંટી એકટ) માં મસ્ટર કારકુન તરીકે કામ કરુ છુ.  કાલીયાકુવા ગામના વિવિધ વિસ્તારોમાં મારે કામ કરવાનુ થાય છે.  હુ ફોરવિલ ગાડી ધરાવુ છુ. મારી ગાડીને કયારેય કાળા કાચ કરાવેલા નથી. લાખાપુર અને કાલીયાકુવા ગામના સીમાડા એકબીજાને અડીને આવેલા છે. મારા અને આરોપીઓના ઘર વચ્ચે ૧ કિ.મી. નુ અંતર આવેલ છે. હુ તથા આરોપીઓ એકજ ગામના અને એકજ જ્ઞાતીના છીએ. અમારા ગામમાં અમારી જ્ઞાતીના લોકોનો કોઈપણ પ્રસંગ હોય તેમાં તે લોકો મને તથા આરોપીઓ બન્ને આમંત્રણ આપતા હોય છે. સારા–નરસા પ્રસંગમાં હુ મારી રીતે અને આરોપીઓ તેમની રીતે હાજરી આપતા હોય છે. સાહેદ જણાવે છે કે, આરોપી અહી કેમ આવ્યો છે તેમ કહી વારં વાર મારા ઉપર લડાઈ ઝઘડા કરે છે. હુ ભુતકાળમાં સરપંચની ચુટણી લડી ચુકયો છુ અને વિજેતા થયેલ છુ.  મે ભાથીભાઈ હજુરભાઈ વિરુધ્ધ ફરીયાદ કરેલ છે.  મે રમેશભાઈ વાઘાભાઈ સામે ફરીયાદ કરેલી.મારા ઘર અને આરોપીના ઘર વચ્ચે એક થી દોઢ કિ.મી.નુ અં

તર છે. કાલીયાકુવા ગામ મોટુ છે જેમાં મોટા ભાગની વસ્તી ક્ષત્રિય–ઠાકોર સમાજની છે. કાલીયાકુવા ગામમાં હરીજનની વસ્તી પણ છે. ક્ષત્રિય–ઠાકોર સમાજમાં ડામોર, કટારા, બારીયા, ખાંટ વિગેરે અટક ધરાવતી વ્યકિતઓ રહે છે. ડામર રોડથી થોડેક દુર મારુ ઘર આવેલ છે. મારા ઘરની પાસે કરીયાણાની દુકાન તથા અનાજ દળવાની ઘંટી આવેલ છે. સં ગીતાબેન વિક્રમભાઈ ડામોર નાઓએ મારી સામે ઈ.પી.કો. કલમ – ૩૭૯ ની ફરીયાદ તા.૨૭/૦૧/૨૦૨૧ ના રોજ કરેલ છે. સાહેદ જણાવે છે કે, હુ પૈસા માંગુ છુ જેથી ખોટી ફરીયાદ કરેલ છે અને તે પહેલા પણ મે ૧૦ ફરીયાદો આરોપીઓ વિરુધ્ધ કરેલ છે. હાલની ફરીયાદ મે તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ આરોપીઓ વિરુધ્ધ કરેલ છે. મારી ફરીયાદમાં ''જાનથી મારી નાખવા સારુ'',''જે પથ્થરો મને શરીરે, પગે તથા પીઠ પાછળ વાગેલા'',''લાકડી જે આશરે સાડા ચાર ફુટની હતી'',''હુ ત્યાંથી બીજે રસ્તે થઈ મેઘરજ પો.સ્ટેશન મથકે બપોરના આશરે ત્રણેક વાગે ફરીયાદ કરવા આવેલો અને ત્યાથી મને સારવાર અર્થે મેઘરજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે સારવાર અર્થે મોકલેલ અને ત્યાથી સારવાર કરાવી''તેવા શબ્દો મારી પોલીસ રૂબરુ ફરીયાદમાં લખેલ નથી. હાલના કામના આરોપીઓને અન્ય ગુન્હામાં અટક કરી કોર્ટમાં રજુ કરેલા ત્યારે મે તેમના જામીન મંજુર ન થાય તે માટે વાંધા અરજી રજુ કરેલી. હવે હુ કહુ છુ કે મે કોઈ વાંધા અરજી રજુ કરેલ નથી. હુ સારીરીતે વાંચી, લખી, સમજી શકુ છુ. હુ મોબાઈલ રાખુ છુ અને તેમાં મને સમય જોતા આવડે છે. મે આપેલ ફરીયાદોમાં હુ કોર્ટમાં વિટનેસ બોકસમાં જુબાની આપુ ચુકયો છુ. આજ આરોપીઓ સામે બીજી ફરીયાદ આપેલ છે. તે ફરીયાદ આરોપી નં .૩નાએ મારી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ – ૩૭૯ ની ફરીયાદ થઈ તે પછી થયેલ છે. સાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, “મારી ગાડીને કાળા કાચ છે.સામાજીક લોકોના સારા–નરસા પ્રસંગોમાં અમો તથા આરોપીઓએ હાજરી આપેલ હોય અને તેવા સમયે આરોપીઓએ મારી સાથે લડાઈ–ઝઘડા કરેલ હોય તે સબંધે મે કોઈ ફરીયાદ આપેલી નથી. હુ ભારતીય જનતા પાર્ટી સાથે પોલીટીકલ જોડાયેલ છુ. મે મેઘરજ તાલુકાના વિવિધ લોકો સાથે પોલીસ ફરીયાદ કરેલ છે. મે મકનભાઈ ધુળાભાઈ સામે કિ.કેસ નં .૨૭૮/૨૦૧૮ થી ફરીયાદ કરેલ છે. હુ ૧૫ દિવસ પહેલા મેઘરજની મુખ્ય કોર્ટમાં ફરીયાદી

તરીકે જુબાની આપવા આવેલ છુ. મે કાન્તીભાઈ દુધાભાઈ વિ.૩ વ્યકિતઓ સામે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ જેનો કિ.કેસ નં.૩૮૧/૨૦૧૯ છે. હુ સરપંચ હતો ત્યારે પર્વતજી જવરાજી ડામોર વિરુધ્ધ ફરીયાદ આપેલી. મે કાલીયાકુવાના ડામોર લક્ષ્મણજી કોયાજી વિરુધ્ધ ફરીયાદ આપેલ છે. રમેશભાઈ વાઘાભાઈ, કાન્તીભાઈ દુધાભાઈ અને અન્ય આરોપી સામે મે નંદાબેન પાસે ફરીયાદ કરાવેલી. નંદાબેને મારી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ – ૩૭૬ ની ફરીયાદ કરેલી. ઈ.પી.કો. કલમ– ૩૭૬ ની નંદાબેને કરેલી ફરીયાદ અંગે મે નામ.હાઈકોર્ટમાં કવેશીંગ માટે અરજી કરેલ છે. મારી દિકરી પોલીસ તરીકે નોકરી કરે છે. મારી દિકરીએ મેઘરજ પો.સ્ટેશનમાં કોન્સ્ટેબલ તરીકે નોકરી કરેલ હોય તેવી હકીકત હુ જાણતો નથી. મે તા.૨૭/૦૧/૨૦૨૧ પહેલા હાલના કામના આરોપીઓ વિરુધ્ધ એક પણ ફરીયાદ પોલીસમાં કરેલ નથી.હુ હાલના કેસની ફરીયાદ આપવા ગાડી લઈને ગયેલો. સાહેદ જણાવે છે કે, રીક્ષામાં ગયેલો. મેઘરજ તાલુકના વિસ્તારમાં લોકોના ઘર પુરુ થતા આંગણુ આવે છે ત્યારબાદ સ્ટેપ (પગથીયુ) પછી ખુલ્લી જગ્યા આવે છે. હુ પડી ગયેલો અને મને પગમાં ઈજા થતા તેનો ગેરલાભ લઈને હાલના આરોપી નં.૩ નાઓએ મારી વિરુધ્ધમાં ૩૭૬ ની ફરીયાદ કરેલ હોય, તેમના પર દબાણ લાવવા હાલની ખોટી ફરીયાદ કરેલી. હુ ખોટી–ખોટી ફરીયાદો કરવા ટેવાયેલો છુ. મારી દિકરી પોલીસમાં નોકરી કરતી હોય પોલીસના માણસો સાથે મારે સારા સંબંધો હોય મે હાલની ખોટી ફરીયાદ આપેલ છે. મે મારી સ.ત.માં જણાવેલ હકીકતો ખોટી જણાવુ છુ. હાલના કામના આરોપીઓએ કોઈ ગુન્હો કરેલ ન હોવા છતાં ખોટી ફરીયાદ કરી સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ."

**(૮.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૬ થી સાહેદ શનાભાઈ કાળુભાઈ ડામોર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આ કામના ફરીયાદી રત્નાભાઈ સાથે આરોપીઓ ધ્વારા કોઈ બનાવ બનેલો એ બાબતે હુ કાંઈ જાણતો નથી. પોલીસે મારુ માત્ર નામઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહિ. આ કામના આરોપીઓ મારા ગામના હોઈ, હુ તેમને ઓળખુ છુ.

સાહેદ તેમની ફરીયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, આરોપીઓ તથા ફરીયાદી અમારા ગામના હોઈ તેમને ઓળખુ છુ. અમારી હાજરીમાં કોઈ બનાવ બનેલ નથી.

(૮.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૭ થી સાહેદ રતનબેન શનાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આ કામના ફરીયાદી રત્નાભાઈ તથા આરોપીઓને હુ ઓળખુ છુ. અમોની હાજરીમાં અમારા ઘરે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે કોઈ બનાવ બનેલો નહિ અને પોલીસે મારુ માત્ર નામઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહિ. આ કામના આરોપીઓ મારા ગામના હોઈ, હુ તેમને ઓળખુ છુ.

સાહેદ તેમની ફરીયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે. જયારે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકત કબૂલ રાખેલ છે કે ,આરોપીઓ તથા ફરીયાદી અમારા ગામના હોઈ તેમને ઓળખુ છુ. અમારી હાજરીમાં કોઈ બનાવ બનેલ નથી.

(૮.૪) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૨૮ થી સાહેદ મણીબેન શનાભાઈ ડામોર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, આ કામના ફરીયાદી રત્નાભાઈ તથા આરોપીઓને હુ ઓળખુ છુ. અમોની હાજરીમાં અમારા ઘરે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે કોઈ બનાવ બનેલો નહિ અને પોલીસે મારુ માત્ર નામઠામ પુછેલુ તે સિવાય બીજુ કાંઈ પુછેલુ નહિ. આ કામના આરોપીઓ મારા ગામના હોઈ, હુ તેમને ઓળખુ છુ.

સાહેદ તેમની ફરીયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને બચાવપક્ષ તરફેની ઉલટ કરતા એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ તથા ફરીયાદી અમારા ગામના હોઈ તેમને ઓળખુ છુ. અમારી હાજરીમાં કોઈ બનાવ બનેલ નથી.

(૯) **પંચસાહેદો નો પુરાવો :–**

**(૯.૧)** આ કામે આંક– ૪૬ થી પંચસાહેદ મનીષકુમાર નાનાભાઈ ડામોર તથા આંક – ૪૮ થી પંચસાહેદ મશુરભાઈ જેલાભાઈ ડામોર નાઓને સોગંદ ઉપર તપાસેલા છે. આ પંચસાહેદો પંચનામામાં તેઓની સહી ઓળખી બતાવેલ છે તે સીવાય બીજુ કંઈ જાણતો નથી તેવી હકીકત કબુલ રાખેલ છે, જેથી તેઓને ફરીયાદપક્ષ તરફથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા, વિનંતી ગ્રાહય રાખી એવીડેન્સ એકટની કલમ–૧૫૪ અન્વયે પં ચસાહેદોને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સદર પં ચસાહેદની ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન પુરૂ પાડેલ નથી. જેથી ફ્રીયાદપક્ષે રજુ રાખવામાં આવેલ આંક– ૪૭ નુ પંચનામુ ફરીયાદપક્ષને મદદરૂપ થઈ શકે નહીં.

**(૯.૨)** ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–૪૩ થી પંચસાહેદસાહેદ રોહીતકુમાર કાળુભાઈ ડામોર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ પોલીસે મને શનાભાઈ કાળુભાઈ ડામોરના ઘરે રત્નાભાઈ જેમાભાઈ ડામોરનાઓને વિક્રમભાઈ વિરાભાઈ, જસવંતભાઈ વિરાભાઈ સાથે ઝઘડો થયેલો તે બાબતે બોલાવેલ અને તે વખતે હાથીભાઈ રમણભાઈ રહે.કાલીચાકુવા ગામના પણ હાજર હતા અને અમોને પંચમાં રહેવા સમજ કરતા અમો પંચમાં રહેલા અને તે વખતે રત્નાભાઈ જેમાભાઈ નાઓને શનાભાઈ કાળુભાઈ ડામોરનાઓએ મસ્ટર બાબતે તેમના ઘરે બોલાવેલા હતા અને વિક્રમભાઈ વિરાભાઈ અને જસવંતભાઈ વિરાભાઈ પીધેલી હાલતમાં બાઈક લઈને શનાભાઈ કાળુભાઈના ઘરે આવેલા અને રત્નાભાઈનાઓને મારવા ગયેલા અને પાછળથી સંગીતાબેન લાકડી લઈને મારવા રત્નાભાઈને ગયેલા અને પાછળથી વિરાભાઈ હજુરભાઈ તથા રતનબેન વિરાભાઈ પણ રત્નાભાઈને મારવા માટે ગયેલા તે બાબતનુ ગુનાવાળી જગ્યાનુ પંચનામુ અમોએ બોલેલા અને પોલીસે લખીને પંચનામુ કરેલુ અને તેમાં મારી તથા હાથીભાઈની સહી લીધેલી તે સિવાય બીજી કોઈ કાર્યવાહી કરેલી નહિ કે કોઈ હાજર હતુ નહિ મને અસલ પંચનામુ બતાવવામાં આવે છે જેમાં પંચ નં– ૧

તરીકે મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ જે અસલ પંચનામુ રજુ દાખલ **આંક.૪૪** આપવામાં આવે છે.

પંચસાહેદ તેમની ફરીયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરીયાદપક્ષ તરફેની ઉલટ કરતા એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, મને આંક–.૪૪વાળુ તા.૧ ૮/૦૫/૨૦૨૨ ના રોજનુ પંચનામુ વાંચી સંભળાવામાં આવે છે. તે પંચનામામાં એવી હકીકત લખાવેલી કે, ફરીયાદી રત્નાભાઈ જેમાભાઈ ડામોરનાઓ શનાભાઈ કાળુભાઈ ડામોરના ઘરે હાજર હતા અને તેઓએ આગળ ચાલી ગુનાવાળી જગ્યા બતાવેલી જે જગ્યા જોતા શનાભાઈ કાળુભાઈ ડામોરના પુર્વના દરવાજા વાળા બે મકાનો અડીને આવેલ કાચા મકાનની આગળ આવેલ ચોપાળમાં દક્ષિણ તરફની આગળ આવેલ ચોપાળમાં આવેલ હતી અને સદર ગુનાવાળી જગ્યા જોતા ચોપાળમાં માટીનુ લીપણ કરેલ હતુ અને જે જગ્યાએ ખાટલાના પાયા ઘસાવાથી લીપણ તુટેલ હતુ અને તે જગ્યાની ચતુરદિશા જોતા પુર્વે કપચીનો ઢગલો પડેલ હતો તે કપચીનો ઢગલો છોડીને નજીકમાં રેતી હતી અને ચોપાળ છોડી શનાભાઈ કાળુભાઈ ડામોરની પાણી ભરવા માટેની સીમેન્ટની બનાવેલ કુંડી હતી તે કુંડી છોડી શનાભાઈ કાળુભાઈ ડામોરનુ ખુલ્લુ ખેતર આવેલ હતુ સદર બનાવ વાળી જગ્યાએથી પશ્ચિમે જોતા ચોપાળને અડીને શનાભાઈ કાળુભાઈ ડામોરનાઓના બે અડીને પાકા મકાનો આવેલ હતા તે મકાન છોડી પાછળ ભીખાભાઈ ગંભીરભાઈ ડામોરનુ ખુલ્લુ ખેતર આવેલ હતુ અને સદર ગુનાવાળી જગ્યાએથી ઉત્તર તરફ જોતા આશરે ૧૫ ફુટ ઘરની ચોપાળ આવેલ હતી તે ચોપાળ છોડી એક મોટુ ટીંબરાનુ ઝાડ આવેલ હતુ હિરાભાઈ હજુરભાઈ ડામોરનાઓનુ ખુલ્લુ ખેતર આવેલ હતુ સદર ગુનાવાળી જગ્યાએથી દક્ષિણે જોતા આશરે પાંચેક ફુટ સુધી ચોપાળ આવેલ હતી જે છોડી શનાભાઈ કાળુભાઈ ડામોરનાઓનુ ખુલ્લુ ખેતર આવેલ હતુ અને ચતુરસીમા વચ્ચે ગુનાવાળી જગ્યા આવેલ હતી.

જયારે બચાપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, કાલીયાકુવા ગામ ૪–૫ કિ.મી.ના વિસ્તારમાં આવેલ ગામ છે. કાલીયાકુવા ગામમાં હરીજન અને બક્ષીપંચની જ્ઞાતી ધરાવતા લોકો રહે છે. ફરીયાદી રત્નાભાઈ મારા કાકા થાય છે. બીજા

પંચ હાથીભાઈનુ ઘર કાલીયાકુવા ગામથી ૧.૫ થી ૨ કિ.મી. દુર સામીતેડ ફળીયામાં આવેલ છે અને જે રોયણીયા ગામની સીમમાં આવેલ છે. શનાભાઈનુ ઘર રત્નાભાઈના ઘરથી વાંગા બાજુ જઈએ તે બાજુ આવેલ છે. શનાભાઈએ રત્નાભાઈની સાથે પહેલા મસ્ટર કારકુન તરીકે નરેગા યોજનામાં ફરજ બજાવતા હતા. તા.૧૮/૦૫/૨૦૨૨ ના રોજ બનાવ જોયેલો જેથી હુ જુબાની આપવા આવેલો છુ. ''વિક્રમભાઈ વિરાભાઈ અને જસવંતભાઈ વિરાભાઈ પીધેલી હાલતમાં બાઈક લઈને શનાભાઈ કાળુભાઈના ઘરે આવેલા અને રત્નાભાઈનાઓને મારવા ગયેલા અને પાછળથી સંગીતાબેન લાકડી લઈને મારવા રત્નાભાઈને ગયેલા અને પાછળથી વિરાભાઈ હજુરભાઈ તથા રતનબેન વિરાભાઈ પણ રત્નાભાઈને મારવા માટે ગયેલા'' તેવી મારી સ.ત.માં જણાવેલ હકીકત ગુનાવાળી જગ્યાના પંચનામામાં લખેલ નથી. પંચ સાહેદ કબુલે છે કે, આજરોજ ફરીયાદી રત્નાભાઈ સાથે આવેલ છે. મારા ઘરથી મારા કાકા રત્નાભાઈનુ ઘર ૫૦૦-૬૦૦ ફુટ દુર આવેલ છે અને અમો એકજ ફળીયામાં રહીએ છીએ. વિક્રમભાઈનુ ઘર શનાભાઈના ઘરથી એક કિ.મી. દુર આવેલ છે. શનાભાઈના ઘરથી રત્નાભાઈનુ ઘર ૩ કિ.મી. દુર આવેલ છે. શનાભાઈનુ ઘર મુખ્ય રસ્તાથી ૧૦૦ મીટર અંદર આવેલ છે. સામાન્ય રીતે ગામડામાં જે ખાટલા રાખવામાં આવે તેનુ વજન ૧૦ થી ૨૦ કિ.ગ્રામ હોય છે. પંચસાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, “અમોના કહેવા મુજબ પોલીસે પંચનામાની હકીકત લખેલી તેવી હકીકત ખોટી જણાવુ છુ, ગુનાવાળી જગ્યાનુ પંચનામુ મારા લખાવ્યા મુજબ પોલીસે લખેલ હોય તેવી હકીકત ખોટી જણાવુ છુ. રત્નાભાઈના કહેવાથી હુ આજરોજ જુબાની આપુ છુ, વજનવાળો ખાટલો લીંપણવાળી જગ્યાએ ધારદાર પાયાવાળો ખેચવામાં આવે તો લીપણમાં લીસોટો પડી લીપણ ઉખડી જાય, ફરીયાદી મારા કાકા થતા તેમના સમર્થનમાં સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ. ”

(૯.૩) ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૪૫ થી પંચસાહેદસાહેદ હાથીભાઈ રમણભાઈ ડામોર ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, સને ૨૦૨૨માં પોલીસે મને શનાભાઈ કાળુભાઈ ડામોરના ઘરે રત્નાભાઈ જેમાભાઈ ડામોર તથા વિરાજી હજુરજી, જસવંતભાઈ વિરાભાઈ, વિક્રમભાઈ વિરાભાઈ, સંગીતાબેન

વિક્રમભાઈ સાથે ઝઘડો થયેલો તે બાબતે બોલાવેલ અને તે વખતે રોહિતભાઈ ઉર્ફે લાલો, રહે.કાલીયાકુવા ગામના હાજર હતા અને અમોને પંચમાં રહેવા સમજ કરતા અમો પંચમાં રહેલા અને તેવો વચ્ચે ઝઘડા બાબતે પોલીસે અમારી **આંક. ૪૪** વાળા પંચનામામાં પંચ નં. ૨ તરીકે સહી લીધેલી તે સિવાય બીજુ હુ કાંઈ જાણતો નથી.

પંચસાહેદ તેમની ફરીયાદને સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ફરીયાદપક્ષ તરફેની ઉલટ કરતા એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, મને આંક–. ૪૪ વાળુ તા.૧ ૮/૦૫/૨૦૨૨ ના રોજનુ પંચનામુ વાંચી સંભળાવામાં આવે છે. તે પંચનામામાં એવી હકીકત લખાવેલી કે, ફરીયાદી રત્નાભાઈ જેમાભાઈ ડામોરનાઓ શનાભાઈ કાળુભાઈ ડામોરના ઘરે હાજર હતા અને તેઓએ આગળ ચાલી ગુનાવાળી જગ્યા બતાવેલી જે જગ્યા જોતા શનાભાઈ કાળુભાઈ ડામોરના પુર્વના દરવાજા વાળા બે મકાનો અડીને આવેલ કાચા મકાનની આગળ આવેલ ચોપાળમાં દક્ષિણ તરફની આગળ આવેલ ચોપાળમાં આવેલ હતી અને સદર ગુનાવાળી જગ્યા જોતા ચોપાળમાં માટીનુ લીપણ કરેલ હતુ અને જે જગ્યાએ ખાટલાના પાયા ઘસાવાથી લીપણ તુટેલ હતુ અને તે જગ્યાની ચતુરદિશા જોતા પુર્વે કપચીનો ઢગલો પડેલ હતો તે કપચીનો ઢગલો છોડીને નજીકમાં રેતી હતી અને ચોપાળ છોડી શનાભાઈ કાળુભાઈ ડામોરની પાણી ભરવા માટેની સીમેન્ટની બનાવેલ કુંડી હતી તે કુંડી છોડી શનાભાઈ કાળુભાઈ ડામોરનુ ખુલ્લુ ખેતર આવેલ હતુ સદર બનાવ વાળી જગ્યાએથી પશ્ચિમે જોતા ચોપાળને અડીને શનાભાઈ કાળુભાઈ ડામોરનાઓના બે અડીને પાકા મકાનો આવેલ હતા તે મકાન છોડી પાછળ ભીખાભાઈ ગંભીરભાઈ ડામોરનુ ખુલ્લુ ખેતર આવેલ હતુ અને સદર ગુનાવાળી જગ્યાએથી ઉત્તર તરફ જોતા આશરે ૧૫ ફુટ ઘરની ચોપાળ આવેલ હતી તે ચોપાળ છોડી એક મોટુ ટીંબરાનુ ઝાડ આવેલ હતુ હિરાભાઈ હજુરભાઈ ડામોરનાઓનુ ખુલ્લુ ખેતર આવેલ હતુ સદર ગુનાવાળી જગ્યાએથી દક્ષિણે જોતા આશરે પાંચેક ફુટ સુધી ચોપાળ આવેલ હતી જે છોડી શનાભાઈ કાળુભાઈ ડામોરનાઓનુ ખુલ્લુ ખેતર આવેલ હતુ અને ચતુરસીમા વચ્ચે ગુનાવાળી જગ્યા આવેલ હતી.

જયારે બચાવપક્ષ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,મારે ફરીયાદી રત્નાભાઈ સાથે સારા સબંધો છે. મારુ ઘર શનાભાઈના ઘરથી ૩ કિ.મી. દુર આવેલ છે. શનાભાઈના ઘરની આજુબાજુ અન્ય બીજા ઘરો આવેલા છે. કાલીયાકુવા મોટુ અને છુટુછવાયુ ગામ છે. શનાભાઈના ઘરથી રત્નાભાઈનુ ઘર ૧.૫ કિ.મી. દુર આવેલ છે. મારે અને રત્નાભાઈના ઘર વચ્ચે ૪ કિ.મી.નુ અંતર આવેલ છે. આ કામના બીજા પંચ રોહિતભાઈ ફરીયાદીના ભત્રીજા થાય છે. એ વાતની તેમને ખબર નથી કે, હાલની ફરીયાદ પહેલા રત્નાભાઈ ઉપર ઈ.પી.કો. કલમ – ૩૭૬ ની ફરીયાદ થયેલી. પંચનામા વખતે રત્નાભાઈએ અમને બોલાવેલા. રત્નાભાઈ આજરોજ કોર્ટમાં અમારી સાથે હાજર છે. સોહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, હુ પહેલા નરેગા યોજનામાં મસ્ટર કારકુનને મદદ કરવાનુ કામ કરતો હતો, રત્નાભાઈના કહેવાથી એમને જે કહ્યુ તે મે લખાવેલ, હુ રત્નાભાઈ સાથે આજરોજ આવેલ છુ, હુ રત્નાભાઈ સાથે મિત્રતાના ધોરણે કામ કરતો હોય અને ફરીયાદી રત્નાભાઈ હોય તેમની ફરીયાદીને સમર્થન આપવા સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છુ, પોલીસે પંચનામાની હકીકત જાતે લખી લીધેલી અને મે માત્ર સહી કરેલી.

## (૧૦) <u>મેડીકલ ઓફીસર નો પુરાવો :–</u>

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક–પર થી ડૉ. પ્રશાંત બાબુલાલ રાઠોડ ને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, તા. ૧૭/૦૫/૨૦૨૨ ના રોજ હુ સી.એચ.સી. મેઘરજ ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન મારી રૂબરૂ રત્નાભાઈ જેમાભાઈ ડામોર, ઉ.વ.૪૮, રહે.કાલીયાકુવા, મેઘરજ નાઓનુ સવારના ૧૧/૫૫ વાગ્યે મારી રૂબરૂ આવેલા જેઓને કેસ હીસ્ટ્રી પુછતા તેઓને તે જ રોજ સવારે આઠ વાગે બાઈક ઉપર જતા હતા ત્યારે સામે બીજા બાઈક ઉપર અથડાઈને પડી ગયા અને ત્યારબાદ લાકડી, પથ્થર અને ગડદાપાટુ વડે માર મારવામાં આવેલ જેઓને અમોએ તપાસેલા સદર દર્દી સભાન અવસ્થામાં હતા તેમનો પલ્સ રેટ પર મીનીટ ૭૮ હતો તેઓનો બી.પી. ૧૨૦/૮૦ હતુ જેઓના શરીરે તપાસતા નીચે મુજબની ઈજાઓ જણાઈ આવે છે.

૧. છાતીના મધ્ય ભાગમાં ટેન્ડરનેસ (સોજા જેવુ) જોવા મળેલ. ૨. પીઠના નીચેના ભાગે તથા બન્ને સાથળના ભાગે ટેન્ડરનેસ (સોજા જેવુ) જણાઈ આવેલ

ઉપરની બન્ને ઈજાઓ સામાન્ય પ્રકારની હતી અને મારા અભિપ્રાય મુજબ આ પ્ર કારની ઈજાઓ સખત અને બોથડ પ્રદાર્થ વડે થઈ શકે તેવા પ્રકારની હતી સદર દર્દીને અમોએ સારવાર કરી તે જ દિવસે બપોરના ૧૨/૪૫ વાગે દર્દીને રજા આપવામાં આવેલ. અમોએ કરેલ સારવાર બાબતે તા.૧૭/૦૫/૨૦૨૨ ના રોજ મેડીકલ સર્ટી. આપેલુ જે સર્ટીફિકેટની ઓફીસ કોપી હુ આજરોજ નામ.કોર્ટમાં રજુ રાખુ છુ જેમાં મારી સહી અને હોદદાનુ શીલ છે જે ઓળખી બતાવુ છુ સદર સટીફિકેટને પુરાવામાં રજુ દાખલ **આંક. ૫૩** આપવમાં આવે છે.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ડો.સાહેદ એ હકીકતો કબુલ રાખે છે કે, મારા સર્ટીફીકેટમાં જણાવેલ બન્ને ઈજાઓ કોઈ વ્યકિત મોટર સાયકલ ઉપરથી પડી જાય અથવા સામસામે બાઈક અથડાય તો થઈ શકે તેવા પ્રકારની છે. દર્દીને કહેવાતી ઈજા કોણે કરી તે હકીકત તેણે તેની હીસ્ટ્રીમાં જણાવેલ નથી. સાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, મે દર્દીને કોઈ સારવાર આપેલ ન હોવા છતા ખોટુ સર્ટી રજુ કરેલ છે, મારી સ.ત. માં જણાવેલી હકીકતો ખોટી જણાવુ છે, સોગંધ ઉપર ખોટી જુબાની આપુ છું.

**(૧૧) <u>તપાસ કરનાર અધિકારીનો પુરાવો :-</u>**

ત્યારબાદ ફરિયાદપક્ષે આંક-૫૫ થી ત.ક.અ. કનુભાઈ રૂપાભાઈને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં એવો પુરાવો આપે છે કે, હું તા. ૧૭/૦૫/૨૦૨૨ ના રોજ મેઘરજ પો.સ્ટે ખાતે અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન આ કામના ફરીયાદી રત્નાભાઈ જેમાભાઈ ડામોરનાઓએ મેઘરજ પી.એસ.ઓ. એ.એસ.આઈ. ચંદુભાઈ બદાજી રૂબરુ ફરીયાદ આપેલી જે ફરીયાદ પી.એસ.ઓ.એ મેઘરજ પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૮૮૦૦૭૨૨૦૧૯૯/૨૦૨૨, ઈ.પી.કો. કલમ - ૩૨૩, ૩૩૭,૫૦૪, ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ - ૧૩૫ મુજબ નોં ધી આગળની તપાસ અમોને સોપતા અમોએ તપાસ સંભાળેલ જે ફરીયાદ આ કામે આંક-૨૪

થી રજુ છે જેમા ફરીયાદીની સહી છે જે ઓળખી બતાવુ છું. જે ગુન્હાની તપાસ સંભાળી પંચો રૂબરુ ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી કરેલ જે ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ આ કામે આંક–૪૪ થી રજુ છે જેમા પંચોની મારી રૂબરૂ સહી છે જે ઓળખી બતાવુ છું. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા તેમજ સદર ગુન્હામાં આરોપીઓને અટક કરી આરોપણ સંગીતાબેન વિક્રમભાઈ ડામોરનાઓએ ગુન્હામાં વાપરેલ હથિયાર વાસની લાકડી રજુ કરેલી જે પંચનામાની વિગતે અમોએ કબજે લીધેલ જે પંચનામુ આ કામે આંક–૪૭ થી રજુ છે જેમા પંચોની મારી રૂબરૂ સહી તથા અંગુઠાનુ નિશાન છે જે ઓળખી બતાવુ છું. . ત્યારબાદ આરોપીઓને જામીન ઉપર મુકત કરેલ, બનાવમાં ઈજા પામનાર ફરીયાદી રત્નાભાઈ જેમાભાઈ ડામોરનુ મેડીકલ સર્ટીફિકેટ મેળવી તપાસના કાગળોમાં સામેલ રાખેલ જે આ કામે આંક–૫૩ થી રજુ છે જેમા તપાસ કરનાર ડો.શ્રી ની સહી છે જે ઓળખી બતાવુ છું. મારી તપાસના અંતે તમામ કાગળો વંચાણે લેતાં આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતા નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપીઓને હુ ઓળખુ છુ જે આજરોજ નામ.કોર્ટમાં હાજર નથી. આરોપી તર્ફે મુકતી રીપોર્ટ રજુ આરોપીઓની ઓળખ અંગે તકરાર નથી.

જ્યારે બચાવપક્ષની ઉલટ તપાસમાં ફરિયાદી એ હકીકતો કબુલ રાખે છે કે, કાલીયાકુવા ગામ ત્રણ ચાર કી.મી.ના વિસ્તારના ગેરાવમાં આવેલ છે. તેમા વિવિધ પ્રકારની જ્ઞાતિના લોકો વસે છે. કાલીયાકુવા ગામ ગુજરાત રાસ્થાનની બોર્ડર ઉપર આવેલ ગામ છે. ફરીયાદી રત્નાભાઈની દીકરી પોલીસ ડીપાર્ટમેન્ટમાં નોકરી કરે છે. ફરીયાદી રત્નાભાઈએ વિવિધ લોકો વિરૂધ્ધ મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ છે. ફરીયાદી રત્નાભાઈએ હાલની ફરીયાદ આપી તે પહેલાથી હુ તેઓને ઓળખુ છું. ફરીયાદી રત્નાભાઈ વિરૂધ્ધ હાલના કેસના આરોપી સંગીતાબેને ઈ.પી.કો. કલમ–૩૭૬ મુજબની ફરીયાદ આપેલ છે. ફરીયાદી રત્નાભાઈએ પંચોને બોલાવેલા તેઓની પંચનામામાં સહી લીધેલી. કહેવાતા બનાવ વાળા સ્થળની આજુબાજુ છુટા છવાયા ઘરો તથા ખેતરો આવેલા છે. આ ખેતરોમાં લોકો ખેતી કરતા હોય છે. સાહેદે તેવી હકીકતનો ઈન્કાર કરેલ છે કે, “પંચો રૂબરૂ પંચનામા કરેલ હોવાની હકીકત ખો ટી જણાવુ છું, સાહેદોના લખાવ્યા મુબજ નીવેદન લખેલ

હોવાની હકીકત ખોટી જણાવુ છું,આ કામના આરોપી મોટર સાયકલ ઉપરથી પડી ગયેલ તેમ છતા હુ તેમને ઓળખતો હોઉ અને આરોપી સંગીતાબેને ફરીયાદી વિરૂધ્ધ આઈ.પી.સી. –૩૭૬ મુજબની ફરીયાદ આપેલ હોય ફરીયાદીને સમર્થન કરવા ખોટી તપાસ કરી, ખોટા પં ચનામા કરી, સાહેદોના ખોટા નિવેદનો લઈ પુરતો પુરાવો પડતો ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે, સરતપાસમાં જણાવેલ હકીકત ખોટી છે, સોગંધ ઉપર ખોટો પુરાવો આપુ છુ.”

**(૧૨) <u>પુરાવાનું મુલ્યાંકન :–</u>**

**(૧૨.૧)** આ કામે ફરીયાદીપક્ષે રજુ તમામ પુરાવાનુ મુલ્યાકન કરવામાં આવે તો, ફરીયાદી તેમની જુબાનીમાં જણાવે છે કે, “બનાવના દીવસે હુ અને શનાભાઈ બન્ને જણા શનાભાઈના ઘરે ખાટલા પર બેસી વાતો કરતા હતા તેવામાં અમારા ગામના જસવંતભાઈ વિરાભાઈ ડામોર તથા વિક્રમભાઈ વિરાભાઈ ડામોર બાઈક લઈને આવેલા અને તે મો.સા. જસવંતભાઈ ચલાવતા હતા અને મને જાનથી મારી નાખવાના સારુ તેમનુ મો.સા. એકદમ મારા પગ ઉપર ચડાવી લીધેલુ અને મને ગડદાપાટુનો માર મારવા લાગેલા અને બિભત્સ ગાળો બોલી મને કહેતા હતા કે, મારા વિસ્તારમાં કેમ આવેલ છે તેમ કહી મને છુટા પથ્થરો તેઓ મારવા લાગેલા જે પથ્થરો મને શરીરે પગે તથા પીઠ પાછળ વાગેલા તે વખતે ઉપરોકત આરોપીઓનુ ઉપરાણુ લઈ સંગીતાબેન વિક્રમાભાઈ ડામોરનાઓ તેમના હાથમાં વાંસની લાકડી જે આશરે સાડા ચાર ફુટની હતી તે લઈને દોડી આવેલા અને મને છાતીના ભાગે તેઓએ લાકડી મારેલી”. સદર હકીક્ત ફરીયાદમાં પણ જણાવેલ છે. આમ, બનાવ સમયે શનાભાઈ ફરીયાદી રત્નાભાઈ સાથે હતા અને બનાવ શનાભાઈના ઘરે બનેલ હોવાનુ સ્પષ્ટ થાય છે. તેમજ આંક– ૨૪ ની ફરીયાદ મુજબ શનાભાઈના ઘરના સભ્યો વચ્ચે પડતા આરોપીઓ ત્યાથી જતા રહેલા. આમ, ફરીયાદ મુજબ માત્ર ફરીયાદી અને શનાભાઈ તથા તેમના પરિવારજનો બનાવ સ્થળે હાજર હતા તેવુ ફલિત થાય છે. જેથી શનાભાઈ અને તેમના પરિવારની જુબાનીનુ મુલ્યાકન કરીએ તો, સદર કામે તપાસેલ સાહેદ શનાભાઈ, સાહેદ રતનબેન શનાભાઈ તથા સાહેદ મણીબેન શનાભાઈનાઓએ તેમની જુબાનીમાં તેઓની હાજરીમાં તેમના ઘરે ફરીયાદી અને આરોપીઓ વચ્ચે કોઈ બનાવ બનેલ ન હોવાનુ જણાવેલ

છે. આમ, ફ્રીયાદીની જુબાની તથા ફ્રીયાદની હકીકતોને અન્ય સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી.

**(૧૨.૨)** વધુમાં, સદર કામે તપાસ કરનાર અધિકારી કનુભાઈ રૂપાભાઈની જુબાની ધ્યાને લઈએ તો તેઓ જણાવેલ છે કે, કહેવાતા બનાવવાળા સ્થળની આજુબાજુ છુટાછવાયા ઘરો અને ખેતરો આવેલા છે. આ ખેતરોમાં લોકો ખેતી કરે છે. આમ, તપાસ કરનાર અધિકારીને અન્ય સ્વતત્ર સાહેદો મળી રહે તેમ હોવા છતા સદર કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લેવામાં આવેલ નથી. વધુમાં, ફ્રીયાદ મુજબ બનાવ સમયે હાજર અને નજરે જોનાર સાહેદોએ તેમની જુબાનીમાં ફ્રીયાદની હકીકતોને જરા પણ સમર્થન આપેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારી તેમની જુબાનીમાં કબુલે છે કે, આ કામના આરોપી સંગીતાબેને ફ્રીયાદી વિરૂધ્ધ આઈ.પી.સીની કલમ ૩૭૬ મુજબની ફ્રીયાદ કરેલી અને આ કામના અન્ય આરોપીઓ સંગીતાબેનના સગા થતા હોય, તે તમામ આરોપીઓ ઉપર દબાણ લાવવા ફ્રીયાદીએ આરોપીઓ વિરૂધ્ધ હાલની ફ્રીયાદ કરેલ હોવાનુ સ્પષ્ટ જણાય આવે છે. જેથી ફરીયાદપક્ષનાં કેસ અંગે શંકા ઉત્પન્ન થાય છે, આ સંજોગોમાં ફરીયાદપક્ષનાં પુરાવામાં શંકા ઉભી થતી હોય જેનો લાભ આરોપીપક્ષને આપવો જ રહયો.

**(૧૨.૩)** વધુમાં, આંક– પર ની તપાસેલ ડોકટરે તેમની જુબાનીમાં આંક– ૫૩ નુ મેડિકલ સર્ટીફિકેટ રજુ રાખેલ છે. જેમા હીસ્ટ્રીમાં ફ્રીયાદીએ એવુ લખાવેલ છે કે, સવારે આઠ વાગ્યે બાઈક ઉપર જતા હતા ત્યારે સામે બીજા બાઈક ઉપર અથડાઈને પડી ગયા અને ત્યારબાદ લાકડી, પથ્થર અને ગડદાપાટુ વડે માર મારવામાં આવેલ. વદ્યુમાં, ડોકડર તેમની ઉલટતપાસમાં કબુલે છે કે, કહેવાતી ઈજાઓ કોઈ વ્યકિત મોટર સાયકલ પરથી પડી જાય અથવા સામસામી બાઈક અથડાય તો થઈ શકે તેવા પ્રકારની છે. વધુમાં, ફ્રીયાદીએ તેમની હિસ્ટ્રીમાં તેમને ઈજા કનાર વ્યકિતનુ નામ પણ જણાવેલ નથી. આમ, આ કામના આરોપી સંગીતાબેને ફ્રીયાદી ઉપર ૩૭૬ ની ફ્રીયાદ કરેલ હતી, જેથી ફ્રીયાદી તેમને અને અન્ય આરોપીઓને પહેલેથી જ ઓળખતા હતા છતા તેઓએ તેમને ઈજા કરનાર વ્યકિતનુ નામ મેડિકલ હિસ્ટ્રીમાં લખાવેલ નથી. વધુમાં, ફ્રીયાદીને થયેલ ઈજાઓ બાબતે આ કામે

તપાસેલ અન્ય સાહેદોના કહેવા મુજબ તેમની રૂબરૂ કોઈ બનાવ બનેલ નથી. ત્યારે ફરીયાદી બાઈક અથડાતા પડી જતા થયેલ ઈજાઓનો લાભ લઈ ફરીયાદી વિરૂધ્ધ હાલની ફરીયાદ કરેલ હોવાનુ ફલિત થાય છે. વધુમાં, ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપી જશવંતભાઈએ તેમના પગ ઉપર બાઈક ચઢાવી દીધેલી હોવાની હકીકત જણાવેલ છે. પરંતુ તે સબંધી કોઈ જ ઈજા ફરીયાદમાં કે મેડિકલ સર્ટીફીકેટમાં જણાવેલ નથી. તેમજ ફરીયાદએ સામે બીજા બાઈક ઉપર અથડાઈને પડી જતા ઈજા થયેલાની હકીકત તેમની ફરીયાદમાં જણાવેલ નથી. આમ, રેકર્ડ પર રજુ પુરાવો વિરોધાભાસી હકીકતો જણાવે છે. જેથી, બનાવ તારીખે, સમયે અને સ્થળે ઉપરોકત જણાવ્યા મુજબનો ગુનો આરોપીઓએ કરેલ હોવાની હકિકત ફરીયાદપક્ષ શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય આરોપીઓને ઈ.પી.કો. કલમ–૩૨૩,૩૩૭, ૧૧૪ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૨.૪)** વધુમાં, સદર કામે આંક–૪૩ થી પંચ સાહેદ રોહીતકુમાર કાળુભાઈ ડામોર તથા આંક– ૪૫ થી પંચ સાહેદ હાથીભાઈ રમણભાઈ ડામોરનાઓને તપાસી તેમની જુબાનીમાં આંક– ૪૪ થી ગુનાવાળી જગ્યાનુ પંચનામુ રજુ રાખેલ છે. તેઓએ તેમની જુબાનીમાં ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતોને સમર્થન આપેલ છે. પરંતુ તેઓએ તેમની જુબાનીમાં એવી પણ હકીકત જણાવેલ છે કે, રત્નાભાઈ તેમના કાકા તથા સબંધી થાય છે અને બનાવવાળી જ્યા તેઓએ બતાવેલી. આમ,પંચસાહેદો ફરીયાદીના સગા થતા હોય, તેઓ ફરીયાદીની ફરીયાદને સમર્થન આપવા જુબાની આપે તે સ્વભાવિક છે. પરંતુ ફરીયાદીની ફરીયાદ મુજબ કહેવાતા બનાવના નજરે જોનાર સાહેદોએ ફરીયાદની હકીકતોને જરા પણ સમર્થન આપેલ નથી. તેમજ પંચો નજરે જોનાર સાહેદો નથી. ત્યારે માત્ર ગુનાવાળી જગ્યા બાબતેની હકીકતો જણાવવાથી કહેવાતો ગુન્હો પુરવાર થતો નથી અને પંચો જયારે ફરીયાદીના સગા થતા હોય ત્યારે માત્ર તેમની જુબાનીના આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.

વદ્યુમાં, આ કામે આંક– ૪૬ થી પંચસાહેદ મનીષકુમાર નાનાભાઈ ડામોર તથા આંક– ૪૮ થી મશુરભાઈ જેલાભાઈ પગીનાઓને તપાસી તેમની જુબાનીમાં આંક– ૪૭ થી ગુન્હામાં વપરાયેલ હથીયાર કબજે કર્યાનુ પંચનામુ રજુ રાખેલ છે. પરંતુ બંને પંચસાહેદોએ

તેમની જુબાનીમાં પંચનામાની કોઈ જ હકીક્તોને સમર્થન આપેલ ન હોય, તે પંચનામુ પુરવાર થતુ નથી.

**(૧૨.૫)** હવે ઈ.પી.કો. કલમ–૫૦૪ બાબતે ફરીયાદપક્ષનાં કેસની હકિકત ધ્યાને લ ેવામાં આવે તો ફરીયાદીની ફરીયાદ મુજબ આ કામનાં આરોપીઓએ ફરીયાદીને મા– બહેન સામી બિભત્સ ગાળો બોલેલાની હકિકત ફલીત થાય છે, પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ ફરીયાદી તથા બનાવ સમયે હાજર સાહેદોની સોગંદ ઉપરની જુબાનીનું ઝીણવટપૂર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો આરોપીઓએ ગાળોમાં શું શબ્દો બોલેલા તેવી કોઈ હકિકત જણાવેલ નથી. આમ, આરોપીઓ દવારા ગાળો આપેલ તેમાં શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતું નથી. ઈ.પી.કો. કલમ–૫૦૪ નાં આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપી કયાં શબ્દો ગાળોમાં બોલેલા અને તેનાં કારણે ફરીયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોય કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોય તેવું રેકર્ડ ઉપર આવતું નથી. આ તબકકે <u>નામ. ગુજરાત હાઈકોર્ટનાં ૨૦૦૭(૧) જી. એલ. એચ. ૩૩૭ પર પ્રસિધ્ધ પ્રવિણભાઈ બેચરભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત</u>નાં ચુકાદામાં જે તારણો નોંધવામાં આવેલ છે તે ધ્યાનમાં લેતા હાલનાં કામે ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબનાં તત્વો સંતોષાતા નથી કે આરોપીઓને તે સબબ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

વધુમાં, આરોપીઓ સામે જાનથી મારી નાંખવાની ધમકી આપવાનો આક્ષેપ છે તે બાબતે રેકર્ડ જોવામાં આવે તો ફરીયાદીએ તેમની જુબાનીમાં આરોપીઓએ તેમને “અમારા વિસ્તારમાં હવે પાછો આવતો નહી તેમ કહી જાનથી મારી નાંખવાની ધમકી આપેલી તેમ જણાવેલ છે,” તેમજ તેવુ પણ જણાવેલ છે કે, “ફ્રી આ વિસ્તારમાં જોવા મળીશ તો તારી ગાડી અને તારી લાશને કયાં પત્તો લાગે નહી તેવી રીતે ફેંકી દલશુ તેવી ધમકી આપતા હતા”. જ્યારે ફ્રીયાદીએ તેની આંક– ૨૪ ની ફ્રીયાદમાં જણાવેલ છે કે, “આની તો ગાડી બાળી નાખો અને તમે અહીયાથી જતો રહે અને અમારા વિસ્તારમાં પાછો આવતો નહી તેમ કહી મને જાનથી મારી નાખીશુ તેવી ધમકીઓ આપતા હતા”. આમ, આવી ધમકી સંદર્ભે બનાવ સમયે હાજર સાહેદોનો પુરાવો જોવામાં આવે તો, ફ્રીયાદી સિવાયના કોઈ પણ

સાહેદોએ આરોપીઓએ કોઈ ધમકી આપેલાની હકિકત જણાવેલ નથી. તેમ છતા ફરીયાદી તેમની જુબાની અને ફરીયાદમાં આરોપીઓ વિરૂધ્ધ ધમકી આપ્યાનો આક્ષેપ કરતા હોય ત્યારે આરોપીઓની ધમકીનાં કારણે ફરીયાદીને ખરેખર ભયની ઘંટડી બજતી હોય તેવું લાગ્યુ હતું કે કેમ ? અને તેઓની ઉપર ધમકીની કોઈ અસર હતી કે કેમ ? તેમજ તે ધમકીની અસર હેઠળ તેઓએ કોઈ કૃત્ય કે કાર્યલોપ કરેલ કે કેમ ? તે પણ સાબીત થવું જોઈએ, પરંતુ સમગ્ર રેકર્ડ જોતા તેવી કોઈ હકિકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી. જેથી આ કામનાં આરોપીઓને ઈ.પી.કો. કલમ–૫૦૬(૨) મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૨.૬)** હવે ગુજરાત પોલીસ એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબ ચર્ચા કરવામાં આવે તો, બનાવની તારીખે, સમયે અને સ્થળે ખરેખર હથિયારબંધી અંગેનું જાહેરનામું અમલમાં હતું કે કેમ ? તે અંગે ફરીયાદપક્ષે જે તે કચેરીનાં કોઈ જવાબદાર કર્મચારીને તપાસેલ નથી કે તેવું કોઈ જાહેરનામું કે તેની નકલ પણ રજુ કરેલ નથી. જેથી સદર હથિયારબંધી અંગેના જાહેરનામાનાં અમલીકરણ અંગે શંકા ઉપસ્થિત થાય છે. ત્યારે હાલનાં આરોપીઓને તે મુજબ જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનાં ગુના સબબ પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

**(૧૩)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષ આરોપીઓ સામે આક્ષેપાયેલા **આંક–૫** નાં તહોમતનામાં મુજબનાં ગુનાનાં આવશ્યક તત્વો મુજબનો પુરાવો રજુ કરી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી **મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમા''** ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**૦ આખરી હુકમ ૦**

(૧) આ કામે મેઘરજ પોલીસ સ્ટેશન ગુ. ર. નં. ૧૧૧૮૮૦૦૭૨૨૦૧૯૯/૨૦૨૨ ના કામે(૧)જશવંતભાઈ વીરાભાઈ ડામોર (૨)વિક્રમભાઈ વીરાભાઈ ડામોર (૩)સંગીતાબેન વિક્રમભાઈ ડામોર (૪)વિરાભાઈ હજુરભાઈ ડામોર (૫)શારદાબેન વિરાભાઈ ડામોર, તમામ રહે. કાલીયાકુંવા ,તા.મેઘરજ ,જી.અરવલ્લી નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ ની કોડની કલમ–૩૨૩, ૩૩૭, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જીપી.એક્ટ કલમ–૧૩૫ મુજબના શીક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર કામે કબ્જે કરેલ મુદામાલ અપીલ સમય બાદ નીયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ટ્રાયલ દરમીયાન રજુ રાખેલ જામીન ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (એ) મુજબ ૬ માસ સુધી સદર જામીન ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે અને ત્યારબાદ સદર જામીન રદૃ થયેલ ગણાશે.

આ આખરી હુકમ આજરોજ મેઘરજમાં તા. ૧૦ મી, માહે–જુન, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી તેમજ સીક્કો કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| **તા.૧૦/૦૬/૨૦૨૬**<br>**સ્થળ : મેઘરજ** | **(શ્રીમતી જીનલ વિશાલ અઢીયા)**<br>**એડી. જ્યુડી. મેજી. ફર્સ્ટ કલાસ**<br>**મેઘરજ.**<br>**(જજ કોડ નંબર–જીજે ૦૧૪૦૮ )** |